# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૩/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'બિઝનેસ લીડરશિપ, ઇનોવેશન એન્ડ સોશિયલ ઇમ્પેક્ટ ટુ ટ્રાન્સફોર્મ ઇન્ડિયા' વિશે અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, ૧૨મી માર્ચ ૨૦૨૦ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'બિઝનેસ લીડરશિપ, ઇનોવેશન એન્ડ સોશિયલ ઇમ્પેક્ટ ટુ ટ્રાન્સફોર્મ ઇન્ડિયા' વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઇન્ડિયન થોટ પ્રોગ્રામર એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ એક્ષ્પર્ટ સુશ્રી મદીહા અહમદ દ્વારા મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વી મહેતાએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

વકતા સુશ્રી મદીહા અહમદે જણાવ્યુ હતુ કે, ઘરના મોભી અથવા બિઝનેસમાં જે લોકો લીડ કરતા હોય તેઓની ઉપર મોટાભાગે આક્ષેપો કરવામાં આવતા હોય છે. પરંતુ ઇન્ડીવિઝ્યુલ સમસ્યાને બાજુમાં મુકીને ઘરના કે કોઈ કોર્પોરેટ કંપનીના લીડરની સમસ્યાને પણ સમજવાની જરૂર છે. તેમણે કહ્યુ કે લીડર પણ એવો હોવો જોઇએ કે જે બધાને સમજે અને સાથે લઇને ચાલે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ઇન્ડિયાને બદલવા માટે આપણે ઇન્ડિયન છીએ તેમ કહેવુ પુરતુ નથી પણ જયારે આપણે ઇન્ડિયા છે એવુ કહીશુ ત્યારે જ આપણો દેશ પણ બદલાશે. દેશને આગળ લઇ જવા માટે અર્થતંત્રને

મજબુત કરવા માટે ઉદ્યોગોનો ખૂબ જ મોટો ફાળો રહયો છે. દરેક વ્યકિત એ પછી સામાન્ય માણસ હોય, કોર્પોરેટ હોય કે પછી બિઝનેસમેન હોય તેઓને પોતાની ઇન્ડીવિઝયુલ સમસ્યાને બાજુમાં મુકીને દેશને મજબુત કરવા માટે વિચારવુ જોઇએ.

તેમણે વધુમાં કહયુ કે, મોટાભાગે એક સ્ત્રી ઘર પરિવારનું ઘ્યાન રાખવામાં એટલી વ્યસ્ત થઇ જાય છે કે તે પોતાનું ઘ્યાન રાખતી નથી. આથી દરેક મહિલાએ પોતાનું પણ ઘ્યાન રાખવુ જોઇએ. પોતે નવી નવી સ્કીલ શીખવી જોઇએ. જેથી કરીને સમાજમાં તે નવું કઈ કરી શકે અને દેશની પ્રગતિમાં પોતાનો પણ ફાળો આપી શકે. તેમણે વધુમાં કહયુ કે ગરીબોને દાન આપવાને બદલે તેઓને પગભર કઈ રીતે બનાવી શકાય તે દિશામાં આગળ વધવાની જરૂર છે.

સેશનમાં લેડીઝ વીગના સભ્ય શ્રીમતી મયૂરી મેવાવાલા અને શ્રીમતી ભાગ્યશ્રી મહેતાએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાએ સર્વેના સવાલોના જવાબ પણ આપ્યા હતા. સેશનના અંતે શ્રીમતી પ્રજ્ઞા કડકીયાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.